# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૬ તા.૨૦-૦૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે અત્રેથી તા.૭-૧-૧૫ના રોજ પરિપત્ર ક્રમાંક ૧૩૦ થી નેશનલ વોટર્સ ડે-૨૦૧૫ ઉજવવા સૂચનાઓ આપેલ હતી. આ પરિપત્રમાં જણાવ્યા મુજબ આજરોજ શાળાઓમાં ઈ-મેઈલ દ્વારા પ્રશ્નાવલી તથા તેના જવાબો સામેલ કરીને મોકલવામાં આવ્યા છે. આ પ્રશ્નાવલી પરથી કવીઝ સ્પર્ધાનું આયોજન કરવું. આ અંગે વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં જાગૃતિ આવે તે માટેનાં પ્રયત્નો કરવા.

કવીઝ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર ટીમને શાળા કક્ષાએથી પ્રોત્સાહિત કરવાના રહેશે.

તા.૨૦-૦૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી<br>
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ<br>
અમદાવાદ

નોંધ :- (૧) અત્રેની કચેરી દ્વારા પરિપત્ર નં.૧૧૨ તા.૧૧-૧૨-૧૪ મુજબ એલ.આઈ.સી. સંલગ્ન ગ્રુપવીમા યોજનામા જોડાવા માટે માહિતી મંગાવેલ અને તે અનુસાર ડિસેમ્બર-૨૦૧૪ થી જે તે કર્મચારીના ખાતામાંથી કપાત કરેલ,પરંતુ એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા, પી એન્ડ જી.એસ. વિભાગની સૂચના અનુસાર આ યોજના ડિસેમ્બર-૧૪ થી બંધ કરવામાં આવેલ છે. જેની સૌ કર્મચારીઓએ નોંધ લેવી.આથી ડિસે. -૧૪ની પગાર સ્લીપમાંથી જે કર્મચારીઓની કપાત કરવામાં આવેલ છે. તેઓને ઈ.સી.એસ.થી નાણાં પરત જમા કરાવવામાં આવશે. ડિસે.૧૪ પહેલા જોડાયેલા કર્મચારીઓની યોજના ચાલુ રહેશે.

(૨) આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનુ કે પરિપત્ર નં.૧૩૦ તા.૭-૧-૧૫માં નેશનલ વોટર્સ ડે-૨૦૧૪ ને બદલે નેશનલ વોટર્સ ડે-૨૦૧૫ તથા છેલ્લા પેરામાં ગત્ વર્ષનાં પરિપત્ર નં.૧૨૫ તા.૧૫-૧-૧૫ ને બદલે પરિપત્ર નં.૧૨૫ તા.૧૫-૧-૧૪ સમજવું. આ અંગે ગત વર્ષે કવીઝ અંગેની સૂચનાઓ આપેલ હતી તેનું પાલન કરવું તેમજ આજરોજ ‘કવીઝ’ના પ્રશ્નો જવાબ સાથે મોકલેલ છે તે વિદ્યાર્થીઓને પૂછવા.



# QUIZ TIME

**Know Your Rights | SVEEP Voter Education | Office of Chief Election Officer, Gujarat**

## પ્રશ્નાવલિ અંગે

આ પ્રશ્નાવલિ સરકારી પ્રાથમિક શાળાઓના શ્રેણી-૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાત રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા શૈક્ષણિક હેતુ માટે તૈયાર કરવામાં આવેલ આ પ્રશ્નાવલિનો ધ્યેય વર્ગખંડોમાં કેળવણીકાર દ્વારા લોકશાહી વિષયક ટીકાત્મક પ્રશ્નોના ઉત્તર આપવાનો છે. આ વિષય ઉપર વધારે ચર્ચા માટે આ પ્રશ્નાવલિ આધારરૂપ છે.

## Lets get started! Tick the right answer.

1. વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ કયો છે ?

| | |
|---|---|
| | ઓસ્ટ્રેલિયા |
| ✓ | ભારત |
| | નેપાલ |
| | અમેરિકા |

2. ભારત પ્રજાસત્તાક સમવાયી લોકશાહી દેશ છે :

| Features | Please tick if it applies to India |
|---|---|
| ✓ તેનું બંધારણ સમાનતા અને સ્વાતંત્ર્યની ખાતરી આપે છે. | |
| ✓ તેને મુકત અને ન્યાયી ચૂંટણીની પધ્ધતિ છે. | |
| ✓ તેના પુખ્ત નાગરિકોને સર્વસામાન્ય મતાધિકાર છે. | |
| ✓ તેને કારોબારી તથા વિધાનસભાથી અલગ ન્યાયતંત્ર છે. | |
| ✓ તેને ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ(વિધાનસભ્યો) કાયદાઓ ઘડવા માટે છે. | |
| ભારતનું બંધારણ આપખુદ પ્રકારનું છે. | |

3. લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીઓ કોના દ્વારા યોજવામાં આવે છે ?

| | |
|---|---|
| | કેન્દ્ર સરકાર અને રાજય સરકાર |
| | ✓ ભારત ચૂંટણી આયોગ (ECI) |
| | કેન્દ્ર સરકાર |

4. લોકસભા અને વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ દર .......... વર્ષે યોજાય છે.

| | |
|---|---|
| | બે વર્ષે |
| | ✓ પાંચ વર્ષે |
| | પંદર વર્ષે |
| | વીસ વર્ષે |

5. ગુજરાત વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ?

| | |
|---|---|
| | ✓ ૧૮૨ |
| | ૨૬ |
| | ૨૦૨ |

6. લોકસભામાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા ૫૪૨ છે, તે પૈકી ગુજરાતમાંથી ચૂંટાયેલા સભ્યો કેટલા છે ?

| | |
|---|---|
| | ૨૧ |
| | ૧૯ |
| | ✓ ૨૬ |
| | ૩૩ |



7. જે પ્રકારની ચૂંટણીઓ વિષે તમે સાંભળ્યું હોય / જાણતા હો તે દરેકની સામે ખરાની નિશાની કરો :

| | |
|---|---|
| | ✓ ***લોકસભાની સામાન્ય ચૂંટણી*** : આ ચૂંટણીઓ દર પાંચ વર્ષે સમગ્ર દેશમાં યોજાય છે અને લોકસભાના પ્રતિનિધિઓને ચૂંટે છે. આ ચૂંટણીમાં જે રાજકીય પક્ષો બહુમતિ મેળવે છે તેના નેતાને વડાપ્રધાન બનાવવામાં આવે છે. ભારતનું ચૂંટણી પંચ આ ચૂંટણી યોજે છે. |
| | ✓ ***વિધાનસભાનીચૂંટણી*** : દર પાંચ વર્ષે યોજાય છે. આ ચૂંટણીથી રાજયની વિધાનસભાના પ્રતિનિધિઓ ચૂંટાય છે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા રાજયના મુખ્યચૂંટણી અધિકારી મારફતે ભારતનું ચૂંટણી આયોગ યોજે છે અને દેખરેખ રાખે છે. |
| | ✓ ***રાજયસભા*** : રાજયસભાની ચૂંટણી સંસદના ઉપલા ગૃહના પ્રતિનિધિઓને ચૂંટવા માટે યોજાય છે. લોકસભા અને વિધાનસભાના સભ્યશ્રીઓ રાજયસભાના સભ્ય ચૂંટે છે. |
| | ✓ ***સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી*** : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ(જેવીકે,પંચાયતો, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ)ની ચૂંટણીઓ દર પાંચ વર્ષે યોજાય છે. |

8. કઇ ચૂંટણીથી દેશના વડાપ્રધાન ચૂંટાય છે ?

| | |
|---|---|
| | વિધાનસભાની ચૂંટણીઓ |
| | ✓ લોકસભાની સામાન્ય ચૂંટણીઓ |
| | રાજયસભાની ચૂંટણીઓ |

9. એક બાળક તરીકે તમે ચૂંટણીમાં મત આપી શકો છો ?

| | |
|---|---|
| | હા |
| | ✓ ના |
| | હા, જો તમે ૧૦ વર્ષની વય ધરાવતાં હો |

10. મહિલાઓ માટે મતાધિકાર માટેની વય શું છે ?

| | |
|---|---|
| | ✓ પુરુષો જેટલી જ, ૧૮ વર્ષ |
| | ૨૫ વર્ષ |
| | ૨૧ વર્ષ |



11. અંધ વ્યક્તિ પોતાનો મત કઇ રીતે આપી શકે ?

| | |
|---|---|
| | મત આપી ન શકે |
| | ✓ બેલેટ યુનિટ પરની બ્રેઇલ લિપિમાં કંડારેલ ક્રમને ઓળખીને અથવા સહાયકની મદદથી |

12. કોઇ પુખ્ત નાગરિક શારીરિક અશકતતા ધરાવતો હોય તો તે મતદાન કઇ રીતે કરશે ?

| | |
|---|---|
| | મત આપી ન શકે |
| | ✓ પોતાની સાથે પુખ્ત ઉંમરના સહાયકની મદદથી મત આપી શકે |
| | ટપાલથી મત આપે |

13. જુદા-જુદા ધર્મના મતદારો મતદાન કરી શકે ?

| | |
|---|---|
| | ✓ હા |
| | ના |

14. મતદાન મથક ઉપર મતદારોની લાંબી કતાર હોય તો તે સંજોગોમાં મહિલાઓ માટે કોઇ ખાસ સુવિધા હોય છે ?

| | |
|---|---|
| | ✓ હા. પ્રત્યેક એક પુરુષ મતદાર પછી બે મહિલા મતદારોને મતદાન કરવા દેવાની સુવિધા છે |
| | પ્રથમ બધી મહિલાઓએ જ મતદાન કરવાની સુવિધા છે |
| | કોઇ ખાસ સુવિધા નથી |

15. એક મહિલા મતદારે એક વર્ષનું બાળક તેડેલું છે, તો તે મહિલા બાળકને લઇને મતદાન માટે મતકુટિરમાં પ્રવેશી શકશે ?

| | |
|---|---|
| | ✓ હા |
| | ના |





16. રાજયની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં મહિલાઓ માટે કેટલા ટકા અનામત દાખલ કરવામાં આવેલ છે ?

| | |
|---|---|
| | ૩૦ ટકા |
| | ✓ ૫૦ ટકા |
| | ૧૦ ટકા |

17. મતદાર યાદીમાં નોંધાયેલ સ્ત્રી અને પુરૂષ જાતિના મતદારો મતદાન કરી શકે છે. શું તેઓ સિવાય અન્ય કોઇ જાતિના મતદાર મતદાન કરી શકે ? જો હા તો કોણ ?

| | |
|---|---|
| | કરી ન શકે |
| | અન્ય કોઇ જાતિ નથી |
| | ✓ હા, ત્રીજી જાતિ (Third Gender) ના મતદાર |

18. કોઇ મતદારનું નામ એક મતદાન મથકની મતદાર યાદીમાં નોંધાયેલ છે. તેઓ અન્ય વિસ્તારમાં આવેલા નવા મકાનમાં રહેવા જતાં તે વિસ્તારની મતદાર યાદીમાં પણ પોતાનું નામ નોંધાવે છે. શું આ કાયદાકીય રીતે યોગ્ય છે ?

| | |
|---|---|
| | હા |
| | ✓ ના, કાયદાની જોગવાઇ અનુસાર કોઇ મતદાર એક જ મતદાર યાદીમાં એકથી વધારે વખત નામ નોંધાવી શકશે નહિ, અને તે કાનૂની ગુનો બને છે. |

19. પાલડી, અમદાવાદ ખાતે રહેતાં અને તેના મતદાન મથક વિસ્તારની મતદાર યાદીમાં નોંધાયેલ કંગનાબેન લગ્ન કરીને કારેલીબાગ, વડોદરા ખાતે રહેવા ગયેલ છે. કંગનાબેન ચૂંટણીમાં કારેલીબાગ, વડોદરા ખાતે મતદાન કરવા ઇચ્છે છે. તેઓ મતદાન કરી શકશે ?

| | |
|---|---|
| | હા |
| | ✓ ના, સૌપ્રથમ તેણીએ અમદાવાદ ખાતે પાલડી મતદાર યાદીમાંથી નામ કમી કરાવી, વડોદરા ખાતે કારેલીબાગ મતદાર યાદીમાં નોંધણી કરાવવાની રહેશે. |



20. અવિલોપ્ય શાહીનું ટીપું કઇ આંગળી પર મૂકવામાં આવેલ છે, તે તમે ઓળખી શકો છો ?

| | |
|---|---|
| | ✓ ડાબા હાથની પ્રથમ આંગળી |
| | અંગૂઠો |
| | જમણા હાથની વીંટી પહેરવાની આંગળી |
| | તર્જની (નાની આંગળી) |



21. મત

| | |
|---|---|
| | ✓ ખાનગી છે |
| | દરેક સાથે જાહેર કરી શકાય |

22. આ યંત્રને ઇ.વી.એમ. અથવા ઇલેકટ્રોનીક વોટીંગ મશીન કહે છે, જેના પર મતદારો પડદા પાછળ(મતદાન કુટિર)માં કોઇ એક બટન દબાવીને પોતાનો મત આપી શકે છે, એક મતદાર કેટલી વખત મત આપી શકે છે ?



| | |
|---|---|
| | પાંચ વખત |
| | ✓ માત્ર એક વખત |
| | દસ વખત |

23. દેશના રાજયકારભારમાં નાગરિકોને ભાગ લેવાનો અધિકાર છે ?

| | |
|---|---|
| | ✓ હા |
| | ના |





24. EPIC વિના નાગરિક મત આપી શકે ? EPIC એ મતદારનું ફોટો ઓળખપત્ર છે.

| | |
|---|---|
| | ના |
| | ✓ હા, જો તેઓ મતદાર યાદીમાં નોંધાયેલ હોય અને ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરેલ દસ્તાવેજો પૈકી કોઇ એક ફોટો ઓળખકાર્ડ ધરાવતા હોય |

25. ભારતમાં દરેક વ્યક્તિ મત આપી શકે ?

| | |
|---|---|
| | ના, માત્ર ભારતીય રાષ્ટ્રીયતા ધરાવનારા મત આપી શકે |
| | હા, ભારતમાં રહેતા દરેક વ્યક્તિ મત આપી શકે |
| | ✓ ના, માત્ર તે નાગરિકો જેમની ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર છે, મતદાર યાદીમાં નામ નોંધાયેલ છે તેવા મતદાર મત આપી શકે |

26. તમે એ જાણો છો કે 'નેશનલ વોટર્સ ડે' દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે? તે શા માટે ઉજવવામાં આવે છે ?

| | |
|---|---|
| | શાળાના બાળકો મતદાન વિષે વધુ જાણે તે માટે પ્રોત્સાહિત કરવા |
| | ૧૮ વર્ષ કે તેની ઉપરના લાયક યુવા મતદારોને ઓળખવા |
| | ✓ ભારતના ચૂંટણી આયોગના સ્થાપના દિનને ઉજવવા માટે |

27. મતદાર યાદીમાં નામ હોવા અંગેની ચકાસણી કરવા ચૂંટણી આયોગે હેલ્પ લાઇન શરૂ કરેલ છે તેનો નંબર શું છે ?

| | |
|---|---|
| | ૧૯૪૭ |
| | ✓ ૧૯૫૦ |
| | ૧૮૫૭ |
| | ૨૦૧૧ |



28. જો તમારી પાસે EPIC હોય પરંતુ તમારૂં નામ મતદાર યાદીમાં નથી, તો તમે મતદાન કરી ન શકો. આથી તમે મતદાર યાદીમાં નોંધાયેલા છો, તેની ચકાસણી કેવી રીતે કરી શકાય ?

| | |
|---|---|
| | ✓ મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજયની સત્તાવાર વેબસાઇટ ઉપર લોગ ઓન કરીને; ગુજરાત રાજયની વેબસાઇટ ceo.gujarat.gov.in છે. |
| | રાજકીય નેતાને ફોન કરીને |
| | પોલીસ સાથે ખરાઇ કરીને |

29. મતદાન વેળા NOTA અને ગુપ્તતાના અધિકારનું બંધારણીય મહત્વ શું છે ?

| | |
|---|---|
| | કોઇ બંધારણીય મહત્વ નથી |
| | ✓ ભારતની સર્વોચ્ચ અદાલતે મતદાન અધિકારને સમર્થન કરેલ છે, જેમાં મતદાન ન કરવા(અસ્વીકારનો અધિકાર)ના અધિકારનો સમાવેશ છે. મુકત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે મતની ગુપ્તતાનાઅધિકારને પણ સમર્થન કરવામાં આવેલ છે. |
| | NOTA અને ગુપ્તતાનો અધિકાર અસ્તિત્વમાં નથી |

30. તમે ઓન લાઇન મતદાન કરી શકો ?

| | |
|---|---|
| | હા |
| | ✓ ના |

31. EVM માં ઉમેદવારોના નામો બાદ છેલ્લે દર્શાવેલ NOTA શું છે ?

| | |
|---|---|
| | 'નોટા' નામના પક્ષને પસંદ કરવા |
| | ✓ NOTA એટલે "ઉપર દર્શાવેલ પૈકી કોઇ નહિ", EVM માં દર્શાવેલ ઉમેદવારો પૈકી કોઇને પણ મત આપવા માગતા ન હોય તો તેનો ઉપયોગ કરવાનો રહે છે |
| | મતદાન ન કરવા માટે |



32. તમે એ જાણો છો કે કેટલીક વખત મતદારોને દબાણ કરીને અથવા લાંચ આપીને કોઇ ચોક્કસ પક્ષ/ઉમેદવારને મત આપવા ફરજ પાડી શકાય છે ? તમે માનો છો કે મતદાન નિષ્પક્ષ અને નૈતિક મૂલ્યોથી થવું જોઇએ ?

| | |
|---|---|
| | ✓ ના. નિષ્પક્ષ રીતે અને નૈતિક મૂલ્યો જાળવીને મત આપવો જોઇએ. |
| | હા. હું એમ જરૂરી માનતો/માનતી નથી કે મત નિષ્પક્ષ રીતે અને/અથવા નૈતિક મૂલ્યો જાળવીને આપવો જોઇએ |
| | હું જયારે પુખ્તતા પ્રાપ્ત કરીશ, ત્યારે હકીકતના આધારે પસંદગી કરીશ |

33. બિન-નિવાસી ભારતીય મત આપી શકે ?

| | |
|---|---|
| | હા |
| | ✓ ના |
| | દરેક બિન-નિવાસી ભારતીય નહિ |

34. મતદાર તરીકે નોંધણી માટે કોણ લાયક છે ?
(જે મુદ્દાઓ સંબંધિત છે, તે બધાં સામે ખરાની નિશાની કરો)

| | |
|---|---|
| | ✓ ભારતનું નાગરિકત્વ ધરાવતા હોય અને લાયકાતની તારીખે ૧૮ વર્ષની વય પૂર્ણ કરતા હોય |
| | ભારતમાં વસતા નાગરિકો |
| | મતદાર યાદીમાં નોંધાયેલ હોય તે |

35. જો કોઇ નાગરિક મતદાર નોંધણી માટે લાયકાતની તારીખના વર્ષની ૧ જાન્યુઆરીના રોજ ૧૮ વર્ષ પૂરા કરે છે, તો મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવવા માટે ફોર્મ નં.૬ સાથે કયા-કયા પુરાવા રજૂ કરવાના રહેશે ?

| | |
|---|---|
| | ✓ ૧૮ વર્ષ પૂરા કરતા હોય તેનો ઉંમરનો પુરાવો |
| | ✓ સ્થાનિક રહેવાસી હોવાનો પુરાવો |
| | ભારતનો નાગરિક હોવાનો પુરાવો |

36. મતદાર યાદીમાં રમેશભાઇ પટેલનું નામ ભૂલથી રમીલાબેન પટેલ તરીકે



નોંધાયેલ છે. આ ભૂલ સુધારવા માટે રમેશભાઇએ શું કરવાનું રહેશે ?

| | |
|---|---|
| | જિલ્લાના કલેકટરનો સંપર્ક કરવાનો રહેશે |
| | સ્થાનીક બુથ લેવલ ઓફિસરને મૌખિક જાણ કરવી |
| | ✓ સ્થાનિક બુથ લેવલ ઓફિસર / મદદનીશ મતદાર નોંધણી અધિકારી / મતદાર નોંધણી અધિકારી પાસે ફોર્મ નં.૮-ક માં જરૂરી વિગતો ભરી રજૂ કરવાનું રહેશે. |

37. મતદાર યાદીમાં તમારા નામની ચકાસણી અને ખરાઇ માટે તમારા મતદાન મથકના બુથ લેવલ ઓફિસર(BLO)ને મળવા માંગો છો, તો તમારા મતદાન મથકના BLO કોણ છે, તે જાણવા માટે શું કરશો?

| | |
|---|---|
| | ✓ આપના માબાઇલ પર ***BLO<space>your voter photo id*** ટાઇપ કરી ***8511199899*** પર SMS કરવાથી |
| | સમાચાર પત્રમાં જાહેરાત આપવાથી |
| | વિસ્તારના આગેવાનને મળવાથી |

*પ્રિય વિદ્યાર્થીઓ,*

*અમે આશા રાખીએ છીએ કે આ પ્રશ્નાવલિ તમને માહિતીપ્રદ જણાયેલ હશે. તમારાં વાલીઓ તથા શિક્ષકો સાથે મતદાન પ્રક્રિયા અંગે વિગતવાર ચર્ચા કરવા માટે આ પ્રશ્નાવલિનો આધારશિલા તરીકે ઉપયોગ કરશો. તમારાં કુટુંબ, શાળા, તથા સમાજમાં મતદાનના મૂળભૂત અધિકાર અંગે જાગૃતિ ફેલાવવા માટે રાષ્ટ્ર તમારાં ઉપર આધાર રાખી રહયો છે. યાદ રહે, "તમે ઋજુતાપૂર્વક તમારાં સામર્થ્યનો પરિચય કરાવી શકો છો."*

*અનિતા કરવલ*
*મુખ્ય નિર્વાચન અધિકારી*
*ગુજરાત*

